# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૨-૨૩ ની વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજવામાં આવેલ... જેમાં ચેમ્બરની વાર્ષિક કામગીરીનો અહેવાલ, ઓડિટેડ હિસાબો અને અંદાજપત્રને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને તા.૩૦-૯-૨૦૨૩ શનિવારના રોજ ચેમ્બરની ૬૮મી વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજવામાં આવેલ. પ્રમુખશ્રીએ સૌ સભ્યોનું હાર્દિક સ્વાગત કરી હાલના ડિઝીટલ માધ્યમને ધ્યાનમાં રાખી તેમજ વધુમાં વધુ સભ્યો જોડાઈ શકે તે શુભ આશયથી આ વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજેલ છે. જેમાં સમયસર કોરમ પુરૂં થઈ જતા એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરવા માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાને જણાવેલ.

ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી વાર્ષિક સામાન્ય સભાની એજન્ડા મુજબની કાર્યવાહી શરૂઆત કરતા સભાનો એજન્ડા તમામ સભ્યોને મોકલી આપેલ હતો જેમાં સમય મર્યાદામાં કોઈપણ સભ્યોની રજુઆત આવેલ નથી. તેની જાણ કરી વર્ષ ૨૦૨૧-૨૨ ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરેલ જે હાજર રહેલ તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ માનદમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન યોજવામાં આવેલ ૧૧૨ જેટલી મિટીંગ-મુલાકાતો, સેમિનારો-વેબીનારો, ઓપન હાઉસ, ૭૫ જેટલી અખબારી યાદીઓ તેમજ ૧૨ કારોબારી સમિતિની મિટીંગ વિગેરે કાર્યવાહીનો અહેવાલ રજુ કરેલ. ઉપરંત રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરોમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ કરાયેલ રજુઆતો અને મિટીંગોની જાણ કરેલ. જેની સૌ સભ્યો દ્વારા સહર્ષ નોંધ લેવામાં આવી.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરનાં ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ ના ઓડિટે હિસાબો રજુ કરેલ અને કુલ ખર્ચ કરતા આવકમાં રૂા.૧૬,૨૭,૪૮૦/- નો વધારો થયેલ છે તે રજુ કરેલ અને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ નું અંદાજપત્ર રજુ કરેલ તથા ચાલુ વર્ષ માટે ઓડિટર તરીકે મે. ડી.વી. લાલચંદાણી એન્ડ કંપનીની નિમણુંકને તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદબોધન કરતા ગત વર્ષના ઓડિટેડ હિસાબો તથા અંદાજપત્ર વિગેરેને સર્વાનુમતે મંજુરી આપવા બદલ તમામ સભ્યોનો આભાર વ્યકત કરી સૌ સભ્યોના સાથ અને સહકારથી ચેમ્બરની શાખમાં ખુબ જ વધારો થયેલ છે. તેમજ રાજકોટ ચેમ્બરની કામગીરીથી તમામ સભ્યઓ સંતુષ્ટ છે. ચેમ્બર દ્વારા અવાર-નવાર વિવિધ સેકટરોને

લગતા માર્ગર્શક સેમિનારો યોજવામાં આવે છે. જેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. ચેમ્બરના પ્રતિનિધિઓ સકરકારશ્રી દ્વારા યોજાતી દરેક મિટીંગોમાં ઉપસ્થિત રહી વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓ અંગે રજુઆતો કરી મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવેલ છે. તેમજ FICCI ન્યુદિલ્હી, ASSOCHAM, IMC મુંબઈ, GCCI અમદાવાદ વગેરે લીડીંગ સંસ્થાઓમાં રાજકોટ ચેમ્બર પ્રતિનિધિત્વ ધરાવે છે. તો તેમાં પણ આપણે રાજકોટ-સૌરાષ્ટ્રના પ્રશ્નો રજુ કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરીએ છીએ. વેપારીઓને વિશ્વાસ છે કે તેઓના નાના-મોટા પ્રશ્નોમાં ચેમ્બર હેમંશા સહયોગ આપે છે. તાજેતરમાં જ ચેમ્બર દ્વારા ટ્રાફિક, GIDC, PGVCL ને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓ સાથે ઓપન હાઉસ યોજી વેપાર-ઉધોગકારો અને આમ પ્રજાના પ્રશ્નો રજુ કરી મહતમ પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ લાવેલ છે. માત્ર નિતિ વિષયક પ્રશ્નો અંગે ચેમ્બર દ્વારા ફોલોઅપ ચાલું જ છે. રાજકોટ સૌરાષ્ટનું હબ છે. ત્યારે આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવા આપણે સૌ સાથ સહકાર આપીશું અને દેશના અર્થતંત્રને મજબુત બનાવીશું.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી રાજકોટને ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું છે. પરંતુ તંત્ર દ્વારા ઉતાવળે જુના એરોપર્ટથી સ્થળાંતર કરી દેવાને કારણે મુસાફરોને પ્રાથમીક સુવિધાઓ મળતી નથી અને મુશ્કેલીઓ પડી રહી હતી તે માટે પણ ચેમ્બર દ્વારા તાત્કાલીકના ધોરણે સરકારશ્રી સમક્ષ રજુઆત કરી નિરાકરણ લાવવા ભાર મુકેલ. તેમજ રાજકોટના વિકાસને વેગવંતુ બનાવવાની સાથે વેપાર-ઉધોગનો પણ ઝડપી વિકાસ થાય તે માટે કન્વેન્શન સેન્ટર તાત્કાલીકના ધોરણે ફાળવવું, ઈમિટેશન પાર્ક, આઈટી પાર્ક, ફુડ પાર્ક, વધુ જીઆઈડીસી ફાળવવા માટે આપણા સઘન પ્રાયસો ચાલું જ છે. તેમજ કોઈપણ વેપાર-ઉધોગકારો કે આમ જનતાને મુશ્કેલી કે પ્રશ્નો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવી જેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું. રાજકોટ ચેમ્બરનું નામ કાયમી ધોરણે આગળ રહે તે માટે આપણે સૌ સાથે મળી પ્રયાસ કરીશું.

એજન્ડા પ્રમાણે તમામ કાર્યવાહી પુર્ણ થતા રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌ સભ્યોનો આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.